સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

બોલે એલફેલ નેતાઓ પ્રસિદ્ધના વગડે છે,
ગોડસે અંતેવાસી હાલ ઉમંગના હેજડે છે.
બગડે છે નામ પક્ષનું - ગગડે સન્માન પણ -
વિરાટ પર થૂંકે વામન, બેફામ હેગડે છે!
(હિંયકે પ્રસિદ્ધિના હેલ્લારે...)

ભૂંકે છે શ્વાન -
સત્ય ને અહિંસાના...
હાથી પાછળ...

આત્મા વેંચીને -
ખરીદે છે મૂરખ -
સસ્તી પ્રસિદ્ધિ...

હાઈકુ

ચિંતન

મંત્ર પરમ લઘુ જાસુ બસ, બિધિ હરિ હર સુર સુર્બ ।
મહામત્ત ગજરાજ કહું, બસકર અંકુશ ખર્બ ॥

ઉપરોક્ત સાખી તુલસીકૃત રામાયણમાંથી લેવામાં આવેલ છે.

મંત્રમાં આપણને વિશ્વાસ અને શ્રદ્ધા નથી હોતા તેથી મંત્ર-જાપનું પરિણામ જલ્દીથી મળતું નથી. પણ જે વ્યક્તિ મંત્રમાં દૃઢ વિશ્વાસ રાખી તેના જાપ જપી મંત્ર સિદ્ધ કરે તો ગમે તેટલો નાનો મંત્ર પણ ખુબ જ મહત્ત્વનો હોય છે.

અહી મંત્રનું મહાત્મય બતાવતા તુલસીદાસજી કહે છે : મંત્ર નાનો હોય કે ટૂંકો હોય એનું મહત્ત્વ ઓછું કરતું નથી જાપ થકી મંત્ર સિદ્ધ થતાં તમામ દેવતાઓ આ મંત્રને આધીન રહે છે. મંત્ર સિદ્ધ થયા પછી આવી શક્તિ મંત્રમાં આવે કે જેથી દેવી દેવતાઓ ને બોલાવવાથી હાજર થઈ જાય. એટલે મંત્ર નાનો હોય કે મોટો એનું મહત્ત્વ નથી.

ઉદાહરણ તરીકે હાથી કેવું મહાકાય, બળવાન પ્રાણી છે એના પર કાબુ રાખવો કઠિન છે આમ છતાં તદ્દન નાના એવા અંકુશથી હાથીનો મહાવત આ વિશાળ બળવાન પ્રાણી ઉપર સંપૂર્ણ કબજો રાખે છે.

સુવિચાર

- રજથી સૂરજ સુધીનો પલ્લો કાપે એને ઋષિ કવિ કહેવાય - **મોરારિ બાપુ**
- જીવનનો સૂર મિટાવી દે છે લોભ, જીવનનું સંગીત બગાડી દે છે લોભ - **જીવન પાથેય**
- ઈમાનદારી કે લીયે કિસી છાપ,
  વેશભૂષા યા શ્રીગાંર કી જરૂરત નહીં હોતી, સાદગી અપનાએ - **અવિનાશ સંપત**
- એક સારું પુસ્તક માનવીને પસ્તી બનતા રોકે છે - **રશ્મિ શાહ**
- અંતરે રહેવા છતાં અંતરમાં મહેકતો રહે તેનું નામ સંબંધ - **કાજલ ઓઝા વૈદ્ય**
- ધર્મના ક્ષેત્રમાં ખૂબ મોડા પડ્યા છો એવું લાગે છે ને ? એક કામ કરો, હવે મોળા ના પડશો - **સચ્ચિદાનંદ**
- આજનું ઔષધ : શીતળા નીકળે ત્યારે ઘણા પાણીમાં પલાળી રાખી તે પાણી ગાળી,
  તેના વડે આંખો ધોવાથી આંખોમાં શીતળા નીકળતા નથી **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

પ્રસિદ્ધ યહુદી સંત શેલ્મેકેથી પ્રભાવિત થઈ રાજાએ તેમને સમગ્ર રાજયનો વહીવટ સોંપવાનું વિચાર્યું. આ એમની યોગ્યતાનું સન્માન હતું. સંત શેલ્મેકે રાજાને કહ્યું, 'આવડી મોટી જવાબદારી હું સ્વીકારું છું પરંતુ આ જવાબદારી હું કાલે નહીં, પરંતુ પરમ દિવસે સંભાળીશ. આવતીકાલે મારે એકાંતમાં રહીને આરાધના કરવી છે.' રાજાએ હા પાડી, પણ શેલ્મેકે ના શિષ્યોને થયું કે એવી તો કઈ આરાધના છે કે જે ગુરુ કરવા માંગે છે? અને જે કરવા માટે એમને એકાંતની જરૂર છે. બીજા દિવસે શિષ્ય ગુરુની પાછળ પાછળ ગયો. તેણે છુપાઈને જોયું કે ગુરુ એક ઓરડામાં બેસી ઈશ્વરને કહી રહ્યા હતા. 'હે પરમપિતા ઈશ્વર તમારા જેટલી જ પવિત્રતા મારામાં છે, સાચે જ હું તમારું પ્રતિબિંબ છું, હે ઈશ્વર, હું તમારા જેવો જ છું. તમારાથી કોઈ પણ રીતે ઉતરતો નથી. હું આ રાજયો રક્ષણહાર છું, હું સમર્થ સત્યપ્રિય, ન્યાયપ્રિય છું.' આ સાંભળીને શિષ્યએ ઓરડામાં પ્રવેશીને ગુરુને કહ્યું, 'બસ, બહુ થયું. તમે પોતે જ તમારી પ્રશંસા કરવા લાગશો તો બીજાઓનું શું થશે ?' શિષ્યની વાત સાંભળી શેલ્મેકે કહ્યું, 'ભાઈ હું કંઈ સ્વયંની પ્રશંસા કરતો નથી. હું તો માત્ર કાચા કાનનો સાબિત નથાઉ માટે મારા કાનને પાકા કરી રહ્યો છું, હવે મારે આ રાજયની જવાબદારી સંભાળવની છે. ત્યારે પ્રતિક્ષણ મારી અતિ પ્રશંસા થશે. ચારે બાજુ ખુશામતીયાઓની ભીડ જામશે આ બધા સામે હું આવા શબ્દો બોલીને મારી જાતને મજબુત કરું છું કે જેથી હું અન્ય કોઈ પાસેથી આવા શબ્દો સાંભળું તો એના પર વિશ્વાસ મુકું નહીં. અને ઉચિત રીતે મારું કાર્ય કરી શકું.' શિષ્યને ગુરુ શેલ્મેકેની વાત ગળે ઉતરી.

દિલ્હીનો જંગ નવી દિશા આપશે...

તંત્રીસ્થાનેથી...

આજે દિલ્હી વિધાનસભા માટે મતદાન યોજાશે. દિલ્હીના જંગમાં ભાજપ-કોંગ્રેસ અને આપ આદમી પાર્ટી ઉતર્યા છે. પરંતુ સીધો જંગ ભાજપ અને આપ વચ્ચે ખેલાઈ રહ્યો છે. આક્ષેપો - પ્રતિ આક્ષેપો વચ્ચે બંને પક્ષના રાજકીય આગેવાનોએ લવારા કરવામાં પાછું વળીને જોયું નથી...! કોઈ પણ નેતા હલકામાં હલકી કેવી ભાષા બોલી શકે તે ઉદાહરણો દિલ્હીના પ્રચાર યુદ્ધમાં જોવા મળ્યા. 'આપ' સરળતાથી જીતે એવા લાગતા પ્રચારમાં છેલ્લા દિવસોમાં ભાજપના આક્રમક પ્રચારથી જંગ ખરાખરીનો બની ગયો છે. કોણ જીતશે કોણ હારશે... ?! એ તો ૧૧મીએ ખબર પડશે, પરંતુ જે સ્થિતિ સર્જાઈ છે અથવા તો જે સ્થિતિ સર્જવામાં આવી છે તે દિલ્હી માટે જ નહીં દેશ માટે ચિંતાજનક છે.

'આમ આદમી પાર્ટી' છેલ્લા પાંચ વર્ષથી દિલ્હીના શાસનમાં હતી. પાંચ વર્ષ દરમિયાન સરકારી શાળાઓ અને સરકારી દવાખાનાઓની ઓળખ બદલી નાખી. ખાનગી સ્કૂલ અને દવાખાનાને ટક્કર મારે તેવી સુવિધાઓ સામાન્ય પ્રજાને ઉપલબ્ધ બનાવી કેજરીવાલ સરકાર લોકપ્રિય બની ગઈ હતી. મધ્યમવર્ગ અને ગરીબ વર્ગને વીજળી અને પાણીના બિલોમાં માતબર રાહત આપી દિલ્હીના મોટા ભાગના વર્ગને ખુશખુશાલ કરી દીધો હતો. એટલે સ્વાભાવિક જ 'આપ' વિજયી બનશે જ એમ સાર્વત્રિક સ્વીકાર થતો હતો, પરંતુ શાહિનબાગ વિસ્તારમાં સીએએ ના વિરોધમાં ચોવીસ કલાક અને ૫૨ દિવસ સુધી ચાલી રહેલ ધરણાએ ચૂંટણીનો એજન્ડા બદલી નાખ્યો છે. ભાજપે શાહિનબાગનો ભરપૂર લાભ ઊઠાવ્યો અને મતોનું ધ્રુવીકરણ કરવામાં ભાજપ સફળ થશે તેવી ચર્ચાઓ આજના માહોલમાં ચાલે છે. આ આમ દિલ્હીની ચૂંટણીમાં પરફોર્મન્સ સામે પ્રોપેગેન્ડા મહત્ત્વનો બની રહ્યો. શાહિનબાગનો મુદ્દો આખી ચૂંટણી પર હાવી થઈ ગયો અને વિકાસ અને કલ્યાણની કામગીરી ધોવાઈ રહી હોય એમ વર્તાય છે.

વિશ્વના સૌથી મોટા લોકતંત્ર દેશની રાજધાનીમાં ખેલાતો રાજકીય જંગ ખૂબ જ દિલચસ્પ બની ગયો છે. લોકશાહીમાં કોને મહત્ત્વ આપવું ? વિકાસ - કલ્યાણ કે કોમવાદ. આ અઘરો મુદ્દો છે. આ જટીલ સમસ્યા દેશને હચમચાવી રહી છે. છેલ્લી ઘડીએ નાતજાત કોમવાદના મુદ્દાઓ અને સમીકરણ ઊભા કરી સમાજને વહેંચીને વોટ બેંકના માધ્યમથી શેકાતા રાજકીય રોટલા દેશ માટે કેટલા ઉપકારી નીવડશે એ ચિંતાનો વિષય છે. આજના પરિણામો ગમે તે આવે. કોણ જીતશે - કોણ હારશે એ મહત્ત્વનું નથી, પરંતુ મહત્વનું એ છે કે દેશને ફરીથી કોમવાદના દાવાનળમાં હોમી દેવો છે...?! રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા સામે જોખમો ઊભા કરવા છે?! કે સર્વધર્મ સમભાવની આપણી સંસ્કૃતિને કલંક્તિ કરવી છે...?! વિજય કોઈનો પણ હોઈ શકે... પરંતુ પક્ષ કરતાં દેશ મહાન છે એ સત્ય ભૂલાવું ના જોઈએ...

ચાય સે જ્યાદા સાલા કિટલી ગરમ હૈ

ચાય સે જ્યાદા સાલા કિટલી ગરમ હૈ

- હેરાફેરી

ઈ.સ. ૨૦૦૦માં આવેલી 'હેરાફેરી' ફિલ્મ બોલીવૂડની સુપરહીટ કૉમેડી ફિલ્મ કહેવાય છે. પ્રિયદર્શન દિગ્દર્શિત આ ધમાલ ફિલ્મમાં પરેશ રાવલ, અક્ષય કુમાર અને સુનિલ શેટ્ટીની ત્રિપુટીએ તરખાટ મચાવ્યો હતો. તેમાં પણ 'યે બાબુરાવ કા સ્ટાઈલ હૈ રે...' કોણ ભૂલી શકે ?

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

આપણા ગુજરાતી સંવાદ લેખક નિરજ વોરાએ લખેલ ફિલ્મના સંવાદો-એકોક્તિઓ આજે પણ લોકજીભે રમે છે. ઉપરોક્ત સંવાદ આમ તો ઘણી બધી ફિલ્મોમાં બોલાઈ ગયો છે, અને આપણે પણ આ પંક્તિને મુહાવરાની જેમ વારંવાર ઉપયોગમાં લઈએ છીએ. 'હેરાફેરી'માં સ્નેહલ દાબી આ સંવાદ અસરાનીને કહે છે. પરંતુ વાસ્તવિક જગતમાં પણ આપણે વારંવાર આ ડાયલોગ સરકારી બાબુઓના ચમચા, કડછી, વાટકાઓ માટે વાપરતા હોઈએ છીએ...

પરંતુ મિત્રો મજાની વાત એ છે કે, આ સમસ્યા આજની નથી, હજારો વર્ષો પહેલા આશરે સાતમી શતાબ્દિમાં થઈ ગયેલ સંસ્કૃત ગદ્યકવિ બાણભટ્ટે તેમની અમર કૃતિ 'કાદમ્બરી' માં આ જ પ્રકારની પંક્તિ લખી છે.

અન્યમાલ્લબ્ધપદો નીચઃ પ્રાણેય દુઃસહો ભવતિ ।
રવિરપિ ન દહતિ તાદૃગ્ યાદૃગ્ દહતિ વાલુકાનિકરઃ ॥

બીજાની ભલામણથી મળેલ નોકરી - પદ પ્રતિષ્ઠા વાળો નિમ્ન વ્યક્તિ ભયંકર હોય છે, જેમ કે સ્વયં સૂર્યનો તાપ પણ એટલો નથી દઝાડતો જેટલી સૂર્યથી ગરમ થયેલી રેતી દઝાડે છે.

સીફારશી - લોકો અને પદને યોગ્ય ન હોવા છતા, ઓળખાણથી બની બેઠેલા ચા કરતા કીટલી ગરમ સમાન કીટલી જેવા લોકોની સમાજમાં અછત્ નથી... આપણે ભલે ભૂમો મારીએ કે આજકાલ ભલામણોનો દોર ચાલ્યો છે, અને સ્વપરિચિત લાયકાત વગરની કેટલીય કીટલીઓ સિસ્ટમમાં ઘૂસી ગઈ છે. પરંતુ મિત્રો.... આજથી ૧૩૦૦ વર્ષ પહેલા પણ આ જ પરિસ્થિતિ ત્રસ્ત સંસ્કૃત સાહિત્યના ગદ્યસમ્રાટે ઉપરોક્ત સંવાદ લખવો પડ્યો, તે શું દર્શાવે છે ! બીજી બધી વાત જવા દો બાણભટ્ટનો આ શ્લોક દર્શાવે છે, 'બાણોચ્છિષ્ટં જગત સર્વમ્ - આપણે કે સંસ્કૃતભાષા ઉચ્છિષ્ટં જગત સર્વમ્ - કેમ ખરુ ને !'

- jayuoza@gmail.com
Mo.9898046488

૧૬મીએ 'અમર વારસો' ગ્રંથનું લોકાર્પણ થશે

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગુજરાત સાહિત્ય અકાદમી અને ભારતીય વિદ્યા ભવન કલ્ચરલ અકાદમીના સંયુક્ત ઉપક્રમે, ગુજરાતી વિરલ વ્યક્તિત્વ ધરાવતા કુલપતિ કનૈયાલાલ મુનશીની ૪૯મી પુણ્યતિથિ નિમિત્તે એક વકતવ્ય 'અસ્મિતા' તા. ૦૮-૦૨-૨૦૨૦ ને શનિવારના રોજ સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ દરમિયાન, ભવન્સ - જે.એ. હૉલ, ભવન્સ કૉલેજ, ખાનપુર, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે, જેમાં સુપ્રસિદ્ધ પત્રકાર લેખક અને વક્તા પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યા અને સુપ્રસિદ્ધ વિચારક અને સંસ્કૃતના આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ પ્રાપ્ત વક્તા અને લેખક ડૉ. સર્વેશ પ્ર. વોરા વકતવ્યો આપશે; જેમાં ભારતીય વિદ્યા ભવનના ચેરમેન મુકેશભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહેશે. ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. અજયસિંહ ચૌહાણ અને ભવન્સ કલ્ચરલ અકાદમીના નિયામક જીગર રાણાએ આમંત્રણ પાઠવ્યું છે.

● ગાંધીનગર સાહિત્યસભાના સંવર્ધક સભ્ય અને લેખક - વિવેચક - સંશોધક પ્રા. ડૉ. રશ્મિકાન્ત મહેતાની સામાહિત કૉલમ 'અમર વારસો'ના ધાર્મિક - સાંસ્કૃતિક લેખોનો સંગ્રહ 'અમર વારસો' ગ્રંથરુપે પ્રગટ થઈ રહ્યો છે. આ ગ્રંથનો લોકાર્પણ સમારોહ તા. ૧૬-૦૨-૨૦૨૦ને રવિવારના રોજ સાંજે ૪.૦૦ વાગ્યે, સેન્ટ્રલ હૉલ, ઈન્ડિયન ઈન્સ્ટિ. ઑફ ટીચર્સ એજ્યુકેશન, એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટયુટની પાછળ, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે યોજાશે, આ 'અમર વારસો' ગ્રંથનું લોકાર્પણ કવિ-લેખક અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના અધ્યક્ષ ભાગ્યેશભાઈ જહા, ડૉ. હર્ષદભાઈ પટેલ, કુલપતિ ઈન્ડિયન ઈન્સ્ટિટ. ઓફ ટીચર્ચ એજ્યુકેશનની અતિથિ વિશેષ તરીકેની ઉપસ્થિતિમાં કરશે. ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા અને ડૉ. રશ્મિકાન્ત મહેતાએ ભાવભીનું આમંત્રણ પાઠવ્યુ છે.

rasikvaland1965@gmail.com
Mo. 9913426949

પાલારા જેલમાં મોરારીબાપુ અને મુક્તિનો મહોત્સવ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

જેલ શબ્દ સામાન્ય અર્થમાં બંધન સાથે જોડાયેલો છે. આપણે ઘણાં એક અર્થમાં બંદીવાન છીએ. જેલની ઊંચી તોતીંગ દીવાલોની ભીતર રહેતા બંદીવાનોને જગત જોઈ શકે છે. અહીં બંધનની ભૌતિક તેમજ નક્કર નિશાની છે, પરંતુ જેલની બહાર રહેતા આપણાંમાંથી ઘણાં લોકો માન્યતાઓના કે રૂઢિઓના અથવા પરંપરાઓના બંદીવાન છીએ એવી પ્રતિતિ અનેક પ્રસંગોએ થતી રહે છે. આથીજ ઝાલાવાડના સુપ્રસિધ્ધ કવિ શંકરદાનજી દેથાએ કાવ્યાત્મક રીતે જગતબંધનમાં જકડાયેલા માનવીઓની સુંદર શબ્દોમાં વ્યક્ત કરી છે. કવિ કહે છે :

જૂઓ ! આ જગબંધનની જેલ જી...
જગબંધનની જેલ, એને તોડવી મુશ્કેલ,
જૂઓ ! આ તો જગબંધનની જેલ જી.

આપણે સ્વીકૃત તેમજ પ્રચલિત અર્થમાં વિચારીએ તો જેલ જીવનનો ઉલ્લેખ બંધનના એક સ્વરૂપનેજ વ્યક્ત કરે છે. જેલ જીવન વિશેના આ પ્રચલિત અર્થ સામે આવું જીવન વ્યતિત કરતા અને કેદી તરીકે ઓળખાતા લોકોની વચ્ચે સ્વેચ્છાએ જઈ મુક્તિના નવલા પ્રભાતનું ક્ષણિક દર્શન કરાવવાનો સુઆયોજિત પ્રયાસ પણ મનમાં પ્રસન્નતાના ભાવ પ્રગટાવી જાય છે. જગતના તમામ માનવીઓને અહેતુ સ્નેહ કરનારા મોરારીબાપુ જેવા સંત તેમજ માર્ગદર્શક ગુરુની હાજરીમાં જેલની તોતીંગ દીવાલોની ભીતર પણ મુક્તિ તેમજ સ્નેહ તથા સદભાવનો ઉત્સવ ઉજવી શકાય છે તેની વાસ્તવિક પ્રતિતિ જેલવાસીઓને તથા ભૂજના અનેક નગરજનોને ડીસેમ્બર-૨૦૧૯ ની મધ્યમાં આયોજિત એક વિશિષ્ટ કાર્યક્રમમાં થવા પામી હતી. મનથી ઊભી કરેલી ભ્રમણાઓની જેલમાં બંધાયેલા અર્જુનને મુક્તિનું કિરણ બતાવવાનો પાવક પ્રયાસ મહાભારતની કથામાં પાવનકારી યોગેશ્વર કૃષ્ણે કર્યો હતો. આવુંજ એક વિચારપૂર્વકનું યજ્ઞકાર્ય મોરારીબાપુએ ભૂજની જેલમાં કેદી ભાઈઓ સાથે સ્નેહનો તથા સહાનુભૂતિનો સંવાદ સાધીને કર્યું હતું તેનું પ્રત્યક્ષ દર્શન પાલારા જેલના મુક્તિ મહોત્સવના કાર્યક્રમમાં થયું હતું. જેલના કેદીઓમાં પણ એક માનવ તરીકે તેનામાં રહેલી સારપમાં શ્રધ્ધા રાખી તેની આંતરિક ચેતના પ્રગટાવવાનો આ એક યશસ્વી પ્રયાસ હતો. કાર્યક્રમનું આયોજન યુવાન તથા સંસ્કારી ડૉ. ઋષિ ઘનશ્યામભાઈ જોશીએ ભૂજની પ્રસિધ્ધ પાલારા જેલના સ્થાનિક અધિકારીઓના સંપૂર્ણ સહયોગથી કર્યું હતું. 'કચ્છમિત્ર' દૈનિકે આ સમગ્ર ઉપક્રમને લોકો સુધી પહોંચાડવા માટે વિશેષ ભૂમિકા નીભાવી હતી. કેદીઓની ગણનાપાત્ર સંખ્યા પાલારા જેલમાં છે. જેલનું સંકુલ વિશાળ છે. જેલમાં જે સ્વચ્છતાનો માહોલ દેખાય છે તે નોંધપાત્ર છે. જેલોની સર્વાંગી સુધારણા માટેના અનેક અભ્યાસ તેમજ સંશોધન તથા સૂચનોને કારણે જેલ એડમીનીસ્ટ્રેશન વિશેષ માનવકેન્દ્રી તેમજ સુચારું બની શક્યું છે. આ વાતનો લગભગ સાર્વત્રિક સ્વીકાર થાય છે. જેલનું વહીવટીતંત્ર તે અર્થમાં આપણી પ્રશંસાને પાત્ર છે. જોકે દેશની સમગ્ર ક્રિમીનલ જસ્ટીસની હાલની સ્થિતિમાં અનેક સુધારાત્મક પગલાઓ ભરવાની જરૂરિયાત છે તેવો મત અનેક જાણકાર લોકોનો છે.

જેલમાં જીવન ગુજારતા લોકો તરફ સમાજનો સ્નેહ તેમજ સહાનુભૂતિ વધે તેવો ઉમદા વિચાર આવા મુક્તિ મહોત્સવ જેવા કાર્યક્રમોની પાછળ રહેલો હોય છે. સ્નેહ તથા સંવાદના માધ્યમથીજ આપણાં મનમાં બંધાયેલા ખરા કે ખોટા પૂર્વગ્રહો દૂર કરી શકાય છે. પૂજ્ય બાપુએ પણ પોતાના વિચારપૂર્વકના ઉદ્બોધનમાં જેલવાસીઓ તરફ પોતાનો ઊંડો સ્નેહ વ્યક્ત કરીને મુક્તિની કે ભવિષ્યના નૂતન જીવન તરફ શ્રધ્ધાપૂર્વક જોવાની વાત સરળતા તેમજ સહજતાથી સમજાવી હતી. ઉપદેશ દેવાનો આ ઉપક્રમ ન હતો. બહોળા સમાજની લાગણી પહોંચાડીને જેલવાસી સમાજને જીવનના નૂતન પ્રવાહ તરફ દ્રષ્ટિકોણ કેળવવાની વાત કરવાનો આ રૂડો અવસર હતો. આ પ્રકારના પ્રયાસો આવકારપાત્ર ગણાવા જોઈએ. મનુષ્યને માત્ર કાયદાના અમલીકરણથીજ સુધારી શકાતા નથી તે અનુભવસિધ્ધ વાત છે. ઉપદેશકોની વિશાળ વણઝાર થકી પણ આ કામ થઈ શક્યું નથી. આથીજ કદાચ પોતાની સદીના સર્વશ્રેષ્ઠ વિચારપુરુષ મહાત્મા ગાંધીએ નમ્રતા તેમજ સ્નેહ અને નિષ્ઠાના ભાવથી સમાજ જીવનમાં બદલાવ લાવવાની સમજ પોતાના સાથીઓમાં કેળવી હતી. ગાંધીજીના આ પ્રયાસનું પરિણામ પણ દેખાયું હતું. દૂર સુદૂર વસતા અને દુભાયેલાઓની વચ્ચે બેસીને રચનાત્મક કામોની ધૂણી ધખાવનાર જુગતરામ દવે, રવિશંકર મહારાજ કે નાનાભાઈ ભટ્ટને ગુજરાત કદી ભૂલી શકે તેમ નથી. ગાંધીના આ પુણ્યશ્લોક ગોવાળોના હાથમાં કામ તથા આંખમાં અમીદ્રષ્ટિ હતા અને તે કારણે બહોળો જનસમૂહ તેમની વાત શ્રધ્ધાથી સાંભળતો તેમજ સ્વીકારતો હતો. કાયદાઓની કે કાયદાના ભયની તુલનામાં સ્નેહનો સ્પર્શ વિશેષ કારગત નીવડે છે. આથીજ કદાચ વિશ્વપ્રસિધ્ધ નવલકથા 'લે મિઝરેબલ' માં અઠંગ ગુનેગાર જીનવાલજીનના જીવન પરિવર્તનની વાત વિકટર હ્યુગોએ ખૂબીપૂર્વક આલેખી છે. ભલા પાદરીની નિઃસ્વાર્થ લાગણીના પ્રવાહથી જીનવાલજીનના જીવનમાં પરિવર્તનનો નૂતન સૂર્યોદય થાય છે. જે કામ લગભગ બે દાયકાના કઠોર જેલ જીવનના કારણે ન થઈ શક્યું તે કામ ભલા પાદરીના બે સહાનુભૂતિ તથા કરુણાસભર શબ્દોથી થઈ શકે છે. આ પ્રસંગની જે રીતે વિકટર હ્યૂગોએ ગૂંથણી કરી છે તે કદી વિસ્મૃત થાય તેવી નથી. ભાવનગર રાજ્યના વિચક્ષણ દીવાન સર પ્રભાશંકર પટ્ટણીના આવાજ અહેતુ સ્નેહસ્પર્શથી ભંડારીયા ગામના બે બંદીવાનો જેલમુક્તિ મેળવીને નવા ઉજાસનો અનુભવ કરે છે અને આ તો વાસ્તવિક રીતે બનેલી ઘટના છે જેનું આલેખન સર પટ્ટણીની છેલ્લી મુસાફરીની નોંધમાં કાળજીપૂર્વક કરવામાં આવી છે. ભંડારીયા ગામના આ નામચીન કેદીઓનું કોઈ જામીન થવા તૈયાર ન હતું. પટ્ટણી સાહેબ જેવા મોટા ગજા અને વિશાળ દ્રષ્ટિકોણ ધરાવતા નખશીખ સજ્જન તેમના જામીન તરીકે પોતાની પ્રતિષ્ઠા હોડમાં મૂકે છે. કહેવાની ભાગ્યેજ જરૂર રહે કે સર પટ્ટણીનો આ વિશ્વાસ સંપૂર્ણપણે સાચો પુરવાર થાય છે. સ્વસ્થ સમાજના આવા સ્નેહયુક્ત દ્રષ્ટિકોણ થકીજ પરિસ્થિતિમાં લાંબાગાળાનો બદલાવ આવશે. પટ્ટણી સાહેબ કહે છે તેમ સ્નેહની આ બારી સમાજે ઉઘાડી રાખવી પડશે.

દુઃખી કે દર્દી કે કોઈ
ભૂલેલા માર્ગવાળાને,
વિસામો આપવા ઘરની
ઉઘાડી રાખજો બારી.

સર્વ પ્રત્યેના પ્રેમમાંથી ગાંધીમાં નિર્ભયતા પ્રગટી

અહિંસા જન્માવવા માટે નિર્ભયતાનો ગુણ આવશ્યક

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજીમાં નિર્ભયતા એ પ્રકારની હતી કે એમના સંપર્કમાં આવનારાઓમાં પણ નિર્ભયતા પ્રસરતી હતી. ગાંધીજીની નિર્ભયતાનું મૂળ સર્વ પ્રત્યેના એમના પ્રેમનું હતું. 'અન્યસ્માત બિભેતી' - એટલે કે બીજાથી માણસ બીએ છે. પણ જેને બીજું કોઈ હોય જ નહીં, સર્વ આત્મય રામમય હોય તે બીજાઓથી સંકોડાય નહીં, બલ્કે બીજાઓ તરફ એમનાં હૃદયમાંથી પ્રેમની ધારાઓ છૂટે. દક્ષિણ આફ્રિકાના પીટર મોરિત્સબર્ગ રેલવે સ્ટેશને કાતિલ ઠંડીમાં ઠુંઠવાતા ગભરુ યુવાનમાંથી જયારે હૃદયમાં નિર્વૈર, અહિંસા અને આત્મ સહિત સર્વસ્વનું બલિદાન આપવા તૈયાર થતા ભયનું સ્થાન નિર્ભયે લીધું અને વિશ્વને સત્યાગ્રહનું અમોઘ શસ્ત્ર મળ્યું. અમેરિકન મિશનરી ડૉ. જોન મોટે જયારે ગાંધીજીને જીવનનો સૌથી વધુ સર્જનાત્મક અનુભવ પૂછ્યો ત્યારે તેમણે ચોવીસ વર્ષના યુવાને મોરિત્સબર્ગનો અનુભવ કહ્યો હતો.

મુંબઈમાં કામ ન મળતા બેરિસ્ટર ગાંધી દક્ષિણ આફ્રિકામાં શેઠ અબ્દુલ્લાએ એક કેસ અંગે બોલાવતાં, ડરબન પહોંચ્યા. અઠવાડિયામાં શેઠે એમને પ્રિટોરિયા જવા મોકલ્યા.

પહેલા વર્ગની ટિકિટ લઈને એમને ગાડીમાં બેસાડ્યા. નવેક વાગ્યે ગાડી નાતાલની રાજધાની મારિત્સબર્ગ પહોંચી. એક નવો ગોરો ઉતારું અંદર પેઠો. એ આ 'ભાતીગર' મુસાફરને જોઈ ખમચાયો. બહાર જઈને એકબે અમલદારોને લઈ આવ્યો. તેઓ કંઈ બોલ્યા નહીં. બીજો એક અમલદાર આવ્યો. એણે બેરિસ્ટર ગાંધીને છેલ્લા ડબામાં જવાનું કહ્યું.

'મારી પાસે પહેલા વર્ગની ટિકિટ છે.'

'તેની ફિકર નહીં. હું તમને કહું છું કે તમારે છેલ્લા ડબામાં જવાનું છે.'

'હું કહું છું કે મને આ ડબામાં ડરબનથી બેસાડવામાં આવ્યો છે ને હું તેમાં જ જવા ધારું છું.'

'એમ નહીં બને. તમારે ઊતરતું પડશે, ને નહીં ઊતરો તો સિપાઈ ઉતારશે.'

'ત્યારે સિપાઈ ભલે ઉતારે, હું મારી મેળે નહીં ઊતરું.' યુવક ગાંધીએ નિશ્ચયપૂર્વક જવાબ આપ્યો.

સિપાઈ આવ્યો. એણે હાથ પકડીને ગાંધીને ધક્કો મારીને નીચે ઉતાર્યા. એમણે બીજા ડબામાં જવાનો ઈન્કાર કર્યો. ટ્રેન રવાના થઈ.

ગાંધી વેઈટીંગ રૂમમાં ગયા. પોતાનું હાથાપાકીટ એમણે સાથે રાખ્યું. બીજા સામાનને એ અડક્યા પણ નહીં. રેલવેવાળાઓએ એને ખસેડીને ક્યાંક મૂક્યો.

શિયાળાની કડકડતી ઠંડી હતી. અને તે પણ દક્ષિણ આફ્રિકાના ઊંચાણવાળા પ્રદેશની. ઓવરકોટ તો સામાન ભેગો હતો. તે માગવાની ગાંધીની હિંમત ન ચાલી. ફરી અપમાન થશે તો? ટાઢ કહે મારું કામ. યુવક ગાંધીનું મનોમંથન - ધર્મમંથન ચાલ્યું. પોતાના હકો માટે લડવું કે અહીંથી જ દેશ પાછા જવું ? કે પછી આવાં અપમાનો સહન કરી લઈ કેસ પતાવીને વતન પાછા ફરવું ? કે પછી આવાં અપમાનો સહન કરી લઈ કેસ પતાવીને વતન પાછા ફરવું ? કેસ પડતો મૂકીને જવામાં તો નામર્દાઈ ગણાય. આ જે દુઃખ પડ્યું તે તો ઉપરચોટિયું દરદ હતું, ઊંડે રહેલા મહારોગનું ચિહ્ન માત્ર હતું. મહારોગ તો છે રંગદ્વેષ. એ મહારોગ નાબૂદ કરવાની શક્તિ હોય તો તે શક્તિનો ઉપયોગ કરવો અને તેમ કરવામાં જાત ઉપર જે દુઃખ આવી પડે તે બરદાસ્ત કરવાં.

આવો નિશ્ચય કરી બીજી ગાડીમાં ગમે તે રીતે આગળ વધવાનું વિચાર્યું.

ડૉ. મોટને ગાંધીજીને કહ્યું : 'આમાં સર્જનાત્મક અનુભવ છે તે અહીં આવે છે. મને મારી જિંદગીની જ ધાસ્તી બેસી ગઈ હતી. અંધારા વેઈટીંગ રૂમમાં હું પેઠો. એ ખંડમાં એક ગોરો હતો. મને એનો ડર લાગ્યો. મારો ધર્મ શો ?' - મેં મારી જાતને સવાલ પૂછ્યો. મારે હિંદ પાછા ફરવું તે ભગવાનની ઓથે મારે આગળ વધવું અને જે કંઈ મારા ભાગ્યમાં હોય તેનો સામનો કરવો ? મેં નિર્ણય કર્યો કે રહેવું અને સહેવું. તે દિવસથી મારી સક્રિય અહિંસાનો પ્રારંભ થાય છે.